ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

ગતિવિધિ

લાલ બહાદુર શાસ્ત્રી પ્રાથમિક શાળા ખાતે ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

વડોદરા : લાલ બહાદુર શાસ્ત્રી પ્રાથમિક શાળા- બપોર ખાતે ઇનામ વિતરણ કાર્યક્રમ રાખેલ હતો તે પ્રસંગે ડો. હિતેન્દ્રભાઈ પટેલે મોબાઈલથી મેદાન' સુધીનો જે યુગ ચાલી રહ્યો છે. તે વિષય પર સમજણ આપી હતી. તે પ્રસંગે જૂના જમાનામાં યાદ કરેલ રમતો સુધીનો જે કન્સેપ્ટ છે લાલ બહાદુર શાળા બપોરના વિદ્યાર્થીઓને ભમરડો, લખોટી અને દોરડા કૂદ જેવી રમતની સમજણ આપી 4 કીટ સ્કૂલને આપી હતી. એ પ્રસંગે કાઉન્સિલર નૈતિકભાઈ શાહ, શ્યામભાઈ કહાર આચાર્ય અને સ્કૂલનો સ્ટાફ હાજર રહ્યો હતો.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરાની ટીમ પહોંચી દિલ્હીની મુલાકાતે

વડોદરા : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરાની ટીમ દ્વારા દિલ્હી ખાતે શિક્ષણ સમિતિના અધ્યક્ષ માન. નિશિદ્યભાઇ દેસાઈની અધ્યક્ષતામાં ભારત સરકારની શિક્ષણની સૌથી મોટી સંસ્થા એવી નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) ની મુલાકાત લીધી. વડોદરાના માન. સાંસદ ડો. હેમાંગ જોશી સાહેબના સહકારથી આયોજન કરાયું હતું.

રાજુ પ્રભાકર ભડકેએ વડોદરાના ડિવિઝનલ રેલ્વે મેનેજર તરીકેનો કાર્યભાર સંભાળ્યો

વડોદરા : રાજુ પ્રભાકર ભડકેએ વડોદરાના ડિવિઝનલ રેલ્વે મેનેજર તરીકેનો કાર્યભાર સંભાળ્યો. શ્રી રાજુ પ્રભાકર ભડકે ભારતીય રેલ્વે સેવા ઇજનેરો (IRSE) ના 1995 બેચના અધિકારી છે. રાજુ પ્રભાકર ભડકેએ વડોદરાના નવા ડિવિઝનલ રેલ્વે મેનેજર તરીકેનો કાર્યભાર સંભાળ્યો, જે હવે ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી જિતેન્દ્ર સિંહ પાસેથી લેવામાં આવ્યો છે. વડોદરાના ડિવિઝનલ રેલ્વે મેનેજર તરીકે નિયુક્ત થયા પહેલા, તેમણે પશ્ચિમ રેલ્વેમાં ચીફ એન્જિનિયર (ટ્રેક મશીન) અને ડેપ્યુટી ચીફ એન્જિનિયર (મધ્ય રેલ્વે), સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સંકલન), ડિરેક્ટર (પ્રોજેક્ટ અને પ્લાનિંગ), MRIDC જેવા મહત્વપૂર્ણ પદો પર કામ કર્યું છે. તમારી પહેલી નિમણૂક કુર્દુવાડી સોલાપુર વિભાગમાં સહાયક ઇજનેર તરીકે થઈ હતી. શ્રી ભડકેએ પશ્ચિમ રેલ્વે, મધ્ય રેલ્વે સ્તરે વિવિધ મહત્વપૂર્ણ પદો પર કામ કરતી વખતે ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. પશ્ચિમ રેલ્વેમાં ચીફ એન્જિનિયર (ટ્રેક મશીન) અને ચીફ એન્જિનિયર (સ્ટેશન ડેવલપમેન્ટ) જેવા મહત્વપૂર્ણ પદો પર કામ કરતી વખતે, તમે નવીનતા, પ્રયોગવાદ અને ગુણવત્તા સાથે સકારાત્મક વિચારસરણી સાથે કાર્યો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ભડકે પાસે બેચલર ઓફ એન્જિનિયરિંગ (સિવિલ), એમ.ટેક (જળ સંસાધન એન્જિનિયરિંગ) છે. લોડિંગ વધારવા માટે ખાસ પ્રયાસોને ખાસ પ્રાથમિકતા આપવામાં આવશે.

લક્ષ્મીનારાયણ મંદિરથી પુરા બજારમાં ગંગૌર શોભાયાત્રા કાઢવામાં આવી

વડોદરા : શોભાયાત્રામાં ગણ અને ગૌરીને ગતિશીલ રીતે આકર્ષક રીતે શણગારવામાં આવ્યા હતા. એવું માનવામાં આવે છે કે આ શિવ અને પાર્વતીના સ્વરૂપો છે. ગંગૌરનો તહેવાર હોલિકા દહનના બીજા દિવસથી શરૂ થાય છે અને 16 દિવસ સુધી ઉજવવામાં આવે છે. આ સમય દરમિયાન, ઘરોમાં ગણ અને ગૌરીની પૂજા કરવામાં આવે છે. ત્યાં તેમને મીઠાઈ ખવડાવવામાં આવે છે.

પવન ભરવાડ અને તેનો મિત્ર ઘરે કિધા વગર કેનાલમાં ન્હાવા ગયા હતા

છાણી કેનાલમાં કોગ્રેસના કોર્પોરેટર જહા ભરવાડનો ભત્રીજો ડૂબ્યો, શોધખોળ ચાલું

પવન ભરવાડનો પગ કેનાલમાં લપસતા તેના મિત્રએ તેને બચાવાનો પ્રયત્ન કર્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.2 છાણી કેનાલમાં ફરી એક દુર્ઘટના યુવાનનો ડૂબી જવાથી જીવ ગયો પવન ભરવાડ નામના 20 વર્ષીય યુવાનનું છાણી કેનાલમાં ડૂબી જવાથી પ્રશાસન દ્વારા શોધખોળ શરૂ કરાઈ છે. કોર્પોરેટર જહા ભરવાડના ભાઈનો પુત્ર પવન તેના મિત્ર સાથે નહેરમાં નહાવા ગયો હતો ત્યારે આ દુર્ઘટના બની.

અહેવાલો અનુસાર, પવન નહેરમાં જોરદાર પ્રવાહમાં તણાઈ ગયો હતો, અને તેને બચાવવાના પ્રયાસો છતાં તેને બચાવી શકાયો ન હતો. આ ઘટનાથી સ્થાનિકોમાં શોકનું મોજું ફરી વળ્યું છે, અને પરિવાર તેમના યુવાન પ્રિયજન ડૂબી જવાનો શોક મનાવી રહ્યો છે.

આવી જ અગાઉ ઘટનામાં, એક યુવાનને સમા કેનાલમાં ખેંચી લેવામાં આવ્યો હતો અને એક યુવક ડૂબી જવાથી મૃત્યુ પામ્યો હતો, જે આ જળાશયો દ્વારા ઉભા થતા જોખમોને ઉજાગર કરે છે. ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ અટકાવવા માટે પગલાં લેવા અધિકારીઓને તાકીદ કરવામાં આવ્યા છતાં કેનાલ માં ડૂબી જવાથી જીવ ગુમાવનારની સંખ્યા વધતી જાય છે.

આ ઘટનાએ નહેરોની સલામતી અને આવા અકસ્માતોને રોકવા માટે વધુ સારા પ્રયત્નો અને સુરક્ષા ને લઈને જરૂરિયાત અંગે ચિંતા કરી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ જેથી કરીને આવા બનાવો અટકે અને કોઈનો જીવ ન ગુમાવવો પડે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ . સ્થાનિકો માં શોકમાં છે, અને પવન ભરવાડનો પરિવાર ન્યાય માંગી રહ્યો છે.

યુવક મંજૂસર જીઆઇડીસીમાં આવેલી કંપનીમાં નોકરી કરતો હતો

શહેરના ન્યૂ સમારોડ પર યુવકનો ફાંસો ખાઈ આપઘાત

(પ્રતિનિધિ) વડોદરા તા. 02 શહેરના ન્યૂ સમારોડ વિસ્તારમાં આવેલા ડિફેન્સ કોલોનીમાં નોકરી કરતા યુવકે ગત તા.01માર્ચના રોજ બપોરે પોતાના ઘરે કોઇ નહતું તે દરમિયાન અગમ્ય કારણોસર ફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના ન્યૂ સમારોડ ખાતે આવેલા ચાણક્યપુરી ડિફેન્સ કોલોની-1મા. અનિકેત પ્રવિણભાઇ રાવલ નામનો યુવક મંજૂસર જીઆઇડીસીમાં આવેલી કંપનીમાં ફિટર તરીકે ફરજ બજાવતો હતો તેના પિતા ડ્રાઇવિંગ કરે છે જ્યારે માતા સમારોડ ખાતે આવેલી એક ખાનગી શાળામાં ફરજ બજાવે છે અનિકેતની બહેનના લગ્ન થ ઇ ગયા હોય તે સાસરીમાં રહે છે. પરિવારમાં અનિકેત તેના માતા પિતા સાથે રહેતો હતો આર્થિક રીતે પણ કોઈ તકલીફ ન હતી.અનિકેતને પગમાં ઈજા હોય તે છેલ્લા પંદર દિવસથી ઘરે હતો ગત તા. 01 માર્ચના રોજ બપોરે અઢી થી ત્રણ વાગ્યા દરમિયાન ઘરમાં કોઇ ન હતું ત્યારે અનિકેતે ગળે ફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું હતું. ન્યૂ સમારોડ ખાતે આવેલા ચાણક્યપુરી ડિફેન્સ કોલોની-1મા. અનિકેત પ્રવિણભાઇ રાવલ નામનો યુવક મંજૂસર જીઆઇડીસીમાં આવેલી કંપનીમાં ફિટર તરીકે ફરજ બજાવતો હતો તેના પિતા ડ્રાઇવિંગ કરે છે જ્યારે માતા સમારોડ ખાતે આવેલી એક ખાનગી શાળામાં ફરજ બજાવે છે પિતા જ્યારે ઘરે જમવા માટે આવ્યા ત્યારે ઘરમાં દ્રશ્ય જોતા હેબતાઇ ગયા હતા. ડિફેન્સ કોલોનીમાં નોકરી કરતા યુવકે ગત તા.01માર્ચના રોજ બપોરે પોતાના ઘરે કોઇ નહતું અનિકેતને એસ.એસ.જી. ખાતે લઈ જતાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.સમગ્ર મામલે સમા પોલીસે અનિકેતનો મોબાઇલ કબજે કર્યો હતો મોબાઇલમાં કોડ ખોલીને જોતાં અનિકેતે પોતાની જાતે આ પગલું ભર્યું હોવાનું તથા તેના માટે કોઇપણ જવાબદાર ન હોવાનો ઉલ્લેખ કર્યો હતો.સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ
Repco Home Finance
વડોદરા શાખા : ૨૦૬, પહેલો માળ, અર્થ કોમ્પલેક્ષ, મલ્હાર પોઈન્ટની પાસે, જુનો પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૨.

ઈ-હરાજી વેચાણ નોટીસ

સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ - ૨૦૦૨ હેઠળ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડને ગિરવે મુકેલ સ્થાવર મિલકતોનું વેચાણ.

જયારે **ઉધારકર્તા અને સહ ઉધારકર્તા એ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ, વડોદરા શાખા** પાસેથી લોન લીધેલ છે જેની સામે સ્થાવર મિલકતનું ગિરવે મુકેલ અહીં નીચે આપેલા શિડયુલમાં વધુમાં સંપૂર્ણ વર્ણવેલ છે. ઉધારકર્તાઓ લોનની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કંપનીએ સરફેસી એકટ - ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ જારી કરી છે જેમા કાયદાની કલમ ૧૩(૪) અને નિયમો ૮ અને ૯ સાથે વંચાણે કાયદા હેઠળ **"જેમ છે ત્યાં છે"** અને **"જેમ છે જે છે તે મુજબ"** માં નીચે દર્શાવેલ મુકરર મિલકત વેચવાનો નિર્ણય લીધો છે.

ઈ-હરાજીની તારીખ/સમય : ૦૯.૦૫.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અમર્યાદિત ઓટો એકસટેન્શન સાથે)

ઈ-ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય : ૦૮.૦૫.૨૦૨૫ ના સાંજે ૪.૦૦ વાગ્યા સુધી

કમ નં. ૧ :- ઉધારકર્તા : શ્રી ગોરાંગ જી શર્મા S/o ગોપાલભાઈ શર્મા, સહ-ઉધારકર્તા : શ્રીમતી જી મીતલબેન W/o ગોરાંગ શર્મા, ડીમાન્ડ નોટીસ : ૨૬.૦૨.૨૦૨૩, ડીમાન્ડ નોટીસ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૧૮૨૧૮૦૦૦૦૦૧૮૮), રૂા. ૧૧,૨૬,૦૫૭/- અનુક્રમે તા. ૧૪.૦૨.૨૦૨૩ ના રોજ થી ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, પઝેશનની તારીખ : ૧૨.૦૬.૨૦૨૪, હાલની બાકી રકમ રૂા. ૧૨,૬૫,૭૩૪/-, તા. ૨૫.૦૩.૨૦૨૫ સુધીના.
મિલકતનું વર્ણન : તમામ ભાગ અને હિસ્સા સાથેની બીન ખેતીલાયક જમીન મોજે - બાપોદ, વડોદરા, જમીનનો આર.એસ. નં. ૯૪૧, ટી.પી સ્કીમ નં. ૪, આર.પી. નં. ૪૩૫ પૈકી, દક્ષિણ બાજુનું ક્ષેત્રફળ ૨૭૮.૮૧ સ્કે.મી. એટલે કે ૩૦૦૦ સ્કે. ફીટ., સાગર ફ્લેટ પૈકી થી જાણીતી સ્કીમ, ત્રીજો માળ, ફ્લેટ નં. ૧૩/૩૦૧, સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૪૮.૯૯ સ્કે.મી. એટલે કે ૫૨૫ સ્કે. ફીટ., સબ જીલ્લો અને જીલ્લો - વડોદરા. **ચતુ:સીમા :- પૂર્વ :** ૭.૫૦ મી. રોડ, **દક્ષિણે :** સોરનાભાઈ લુહારનું ઘર, **પશ્ચિમે :** ફ્લેટ નં. બી/૩૦૨, **ઉત્તરે :** ફ્લેટ નં. એ/૩૦૧.

અનામત કિંમત	₹ 15,94,000/-	ઈએમડી (અનામત કિંમતના ૧૦%)	₹ 1,59,400/-	જ્યૂનતમ બીડ વધારવાની રકમ	₹ 25,000/-

કમ નં. ૨ :- ઉધારકર્તા : શ્રી પઠાણ સિકંદરમીયા S/o સલીમમીયા પઠાણ, સહ-ઉધારકર્તા : શ્રીમતી પઠાણ શબનમબાનુ W/o શ્રી પઠાણ સિકંદરમીયા, ડીમાન્ડ નોટીસ : ૩૦.૦૪.૨૦૨૪, ડીમાન્ડ નોટીસ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૧૮૨૧૮૦૦૦૦૦૯૫૮), રૂા. ૧૪,૯૫,૨૮૨/- અનુક્રમે તા. ૨૪.૦૪.૨૦૨૪ ના રોજ થી ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, પઝેશનની તારીખ : ૨૮.૦૮.૨૦૨૪, હાલની બાકી રકમ રૂા. ૧૬,૯૩,૯૨૪/-, તા. ૨૫.૦૩.૨૦૨૫ સુધીના.
મિલકતનું વર્ણન : તમામ ભાગ અને હિસ્સા સાથેની બીન ખેતીલાયક જમીન પરનો પ્લોટ મોજે - દિવાળીપુરા, વડોદરા, જે સ્થિત જમીનનો જુનો રેવન્યુ સર્વે નં. ૨૫૪, બ્લોક/સર્વે નં. ૧૭૨ પૈકી, ક્ષેત્રફળ ૮૧૪૪ સ્કે.મી., આરજુ બંગ્લોઝ થી જાણીતું, પ્લોટ નં. એ/૧૫, સી.એસ. નં. ૧૭૨ પૈકી / ૧૫ પ્લોટ, ક્ષેત્રફળ ૪૭.૧૩ સ્કે.મી. અને અવિભાજીત હકક સાથેનું ક્ષેત્રફળ ૪૫.૩૪ સ્કે.મી., કુલ ક્ષેત્રફળ ૯૨.૪૭ સ્કે.મી., બાંધકામનું ક્ષેત્રફળ ૫૫.૩૮ સ્કે.મી., રજીસ્ટ્રેશન જીલ્લો - વડોદરા, સબ જીલ્લો - વડોદરા. **ચતુ:સીમા :- પૂર્વ :** બ્લોક નં. ૧૭૨ પૈકી જમીન, **પશ્ચિમે :** ૯મી. રોડ, **ઉત્તરે :** પ્લોટ નં. એ/૧૪, **દક્ષિણે :** પ્લોટ નં. એ/૧૬.

અનામત કિંમત	₹ 18,06,000/-	ઈએમડી (અનામત કિંમતના ૧૦%)	₹ 1,80,600/-	જ્યૂનતમ બીડ વધારવાની રકમ	₹ 20,000/-

કમ નં. ૩ :- ઉધારકર્તા : શ્રી હરીશભાઈ કાલીદાસ હરીજન S/o કાલીદાસ ભાડાભાઈ હરીજન, સહ-ઉધારકર્તા - ૧ : શ્રી કાલીદાસ ભાડાભાઈ હરીજન S/o ભાડાભાઈ પી હરીજન, સહ-ઉધારકર્તા - ૨ : શ્રીમતી જયશ્રીબેન હરીશભાઈ સોલંકી W/o હરીશભાઈ કાલીદાસ હરીજન, જામીનદાર : ગોરધનભાઈ સનાભાઈ હરીજન S/o સનાભાઈ પી હરીજન, ડીમાન્ડ નોટીસ : ૦૭.૦૨.૨૦૧૬, ડીમાન્ડ નોટીસ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૧૮૨૧૮૬૦૦૦૦૩૮૪), રૂા. ૫,૬૦,૪૬૩/- અનુક્રમે તા. ૧૧.૦૧.૨૦૧૬ ના રોજ થી ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, પઝેશનની તારીખ : ૨૬.૦૫.૨૦૧૬, હાલની બાકી રકમ રૂા. ૧૪,૧૬,૮૧૭/-, તા. ૨૫.૦૩.૨૦૨૫ સુધીના.
મિલકતનું વર્ણન : ક્ષેત્રફળ ૫૯.૧૦ સ્કે.મી., જે સ્થિત સી.એસ.નં. ૧૨૨૭, ગામ - મકરપુરા, રજીસ્ટર્ડ જીલ્લો - વડોદરા, સબ જીલ્લો - વડોદરા, ભિલ્લીગના બાંધકામ સાથે. **ચતુ:સીમા :- પૂર્વે :** સીટી સર્વે નં. ૧૨૨૮, **પશ્ચિમે :** સીટી સર્વે નં. ૧૨૨૧, **દક્ષિણે :** રોડ, **ઉત્તરે :** સીટી સર્વે નં. ૧૨૨૯.

અનામત કિંમત	₹ 15,54,300/-	ઈએમડી (અનામત કિંમતના ૧૦%)	₹ 1,55,430/-	જ્યૂનતમ બીડ વધારવાની રકમ	₹ 15,000/-

ઈ-હરાજી પ્રક્રિયા માટે, કૃપા કરીને મે. ૪કલોઝર, શ્રી દિનેશ, (મો) : ૮૧૪૨૦૦૦૭૩૫ અને ૮૧૪૨૦૦૦૦૬૧ પર સંપર્ક કરો. મિલકતના નિરીક્ષણ માટે ઈચ્છુક બોલી લગાવનારાઓ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીના તમામ કાર્યકારી દિવસોમાં રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ, વડોદરા શાખાનો સંપર્ક નં. ૦૨૬૫ - ૨૩૩૧૨૨૪ અને ૯૦૯૯૯૩૬૧૦૧ નો સંપર્ક કરી શકે છે.

તારીખ : ૨૮.૦૩.૨૦૨૫ **અધિકૃત અધિકારી, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ**

ભારતની કલા, સંસ્કૃતિ અને વારસાને ઉજાગર કરવાની સાર્થક પહેલ બદલ PMનો આભાર: આરોગ્ય મંત્રી પટેલ

માધવપુરના મેળાની પૂર્વ ઉજવણીના રંગારંગ કાર્યક્રમમાં ભવ્ય નૃત્યકૃતિઓ નિહાળી કલાનગરીના લોકો મંત્રમુગ્ધ થયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.2 વડોદરા શહેરના અકોટા સ્ટેડિયમ ખાતે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની થીમ પર આયોજિત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજ્યના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલ સહભાગી થયા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત સહિત અન્ય આઠ રાજ્યના ૪૦૦ થી વધુ કલાકારો દ્વારા વિવિધ પ્રસ્તુતિઓની રજૂઆત કરવામાં આવી હતી. દેશની અલગ-અલગ સંસ્કૃતિના કલાકારોએ સંયુક્ત રીતે ભવ્ય નૃત્ય કલાકૃતિઓ રજૂ કરી કલાનગરી વડોદરાવાસીઓના દિલ જીત્યા હતા.

આ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે ભારતની કલા, સંસ્કૃતિ અને વારસાને ઉજાગર કરવાની સાર્થક પહેલ બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો. પટેલે રામાયણ અને મહાભારતના અનેક પ્રસંગનો ઉલ્લેખ કરીને ભવ્ય ઈતિહાસ અને ભારતની દિવ્ય સંસ્કૃતિની રસપ્રદ વાતો કરી હતી. 'કેમ છો વડોદરા?' અને 'જય શ્રી કૃષ્ણ' કહીને પોતાના પ્રેરક ઉદ્બોધનની શરૂઆત કરીને મંત્રી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના મહાનગરના લોકો માધવપુર મેળા વિશે વધુને વધુ જાણી શકે તેમજ આગવી સંસ્કૃતિ માટે ગૌરવની લાગણી અનુભવી શકે તે માટે માધવપુરના મેળાની પૂર્વ ઉજવણીનો આ રંગારંગ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો છે. મંત્રીએ આ પ્રસંગે 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ' જેવી પહેલ થકી સંબંધો અને સંસ્કૃતિ જીવંત થતી હોવાનું જણાવ્યું હતું.

વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારે પણ આ રોચક પ્રસંગે ભક્તિરસ પીરસી ભગવાન શ્રીકૃષ્ણ અને દેવી રુકમણીજી સાથેના લગ્ન મહોત્સવ અને અન્ય પ્રસંગોનો ઉલ્લેખ કરી આવી સુંદર પહેલ અને કાર્યક્રમો બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને પ્રવાસન વિભાગની પ્રેરણા અને માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર અને વડોદરા મહાનગરપાલિકા આયોજિત આ કાર્યક્રમમાં પૂર્વોત્તર રાજ્યો; અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, સિક્કિમ, ત્રિપુરા અને નાગાલેન્ડ અને ગુજરાતના મળી કુલ ૪૦૦ કલાકારોએ વડોદરામાં સૌપ્રથમવાર સંયુક્ત રીતે ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરી વડોદરાવાસીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. દેશની બે અલગ અલગ સંસ્કૃતિના કલાકારો દ્વારા સંયુક્ત રીતે પરફોર્મ કરવામાં આવેલી આ સૌથી મોટી સામૂહિક સાંસ્કૃતિક કૃતિઓ હતી.

એકલા રહેતા મુંબઈના આધેડનું બેભાન થઈ ગયા બાદ સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) વડોદરા તા. 2 શહેરના ન્યૂ વીઆઇપી રોડ ખાતે છેલ્લા ચારેક વર્ષથી ભાડેથી રહેતા મુંબઇના આધેડ ગત તા.30 માર્ચના રોજ અચાનક બેભાન હાલતમાં મળી આવતા મકાન માલિકે એમ્બ્યુલન્સ મારફતે એસ.એસ. જી.હોસ્પિટલમા ખસેડ્યા હતા જ્યાં ગત 30 માર્ચે મોડી રાત્રે આશરે દોઢેક વાગ્યે તેઓનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું જેથી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી મુંબઇ રહેતા પરિવારને જાણ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના ન્યૂ વીઆઇપી રોડ ખાતે આવેલા ખોડિયારનગર વિસ્તારમાં પૂજાપાર્ક સોસાયટીમાં શાંતિલાલ માછીનું મકાન આવેલું છે જેમાં છેલ્લા ચારેક વર્ષથી મુંબઇના રાજેશભાઇ શાંતિલાલ નાગરા નામના આશરે 54 વર્ષીય આધેડ ભાડેથી રહેતા હતા અને કપડાં ડિઝાઇનર તરીકે કામ કરતા હતા. તેઓના પત્ની અને બાળકો મુંબઇ ખાતે રહે છે પત્ની ક્યારેક ક્યારેક વડોદરા આવતાં તેમજ રાજેશભાઇ પણ મુંબઇ આવતા જતા હતા થોડાક મહિના અગાઉ જ રાજેશભાઇ મુંબઇ ગયા હતા જ્યાંથી વડોદરા પરત આવ્યા હતા પરંતુ રૂમની બંને ચાવીઓ ખોવાઇ ગઇ હોવાથી છેલ્લા ચારેક દિવસથી બહાર રહેતા હતા દરમિયાન ગત તા 30 માર્ચના રોજ સાંજે ચારેક વાગ્યાની આસપાસ તેઓ પોતાના રૂમ પાસે બેભાન હાલતમાં મળી આવતા લોકોએ મકાન માલિક ને જાણ કરી હતી.

છેલ્લા ત્રણ મહિનામાં મગરોના મોત છતાં, પીએમ રિપોર્ટ અભરાઈ પર ચડ્યો

મગરના મોત મામલે ફોરેસ્ટ વિભાગનું મૌન, વધુ એક મગરનું મોત નિપજ્યું

કમાટીબાગ કેબલ બ્રિજ નીચે વિશ્વામિત્રી નદીમાં ત્રણ દિવસથી મગર અસ્વસ્થ હાલતમાં હતો

(પ્રતિનિધિ) વડોદરા,તા.2 વડોદરા નગરી મગરોની નગરી તરીકે પણ ઓળખાય છે શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી મગરોનું આશ્રય સ્થાન છે હાલ આ નદીમાં મગરો સુરક્ષિત નથી એક બાદ એક મગરના મોતની ઘટનાઓ સામે આવી રહી છે, તેવામાં કમાટીબાગ કેબલ બ્રિજ નીચેથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં વધુ એક મગરનો મૃતદેહ જોવા મળ્યો હતો.

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી મગરોનું આશ્રય સ્થાન છે. 400 થી વધુ મગરો વિશ્વામિત્રી નદીમાં વસવાટ કરે છે. હાલ, વિશ્વામિત્રી પ્રોજેક્ટ અંતર્ગત પાલિકાની કામગીરી હાથ ધરી છે. ત્યારે જીવદયા પ્રેમીઓને પણ સાથે રાખવામાં આવ્યા છે. જેથી કરીને આ નદીમાં વસવાટ કરતા જડતર જીવો ને કોઈ હાનિ ન પહોંચે તેમ છતાં પણ વિશ્વામિત્રી નદીમાં હાલમાં એક પછી એક જળચર જીવોના મોત થઈ રહ્યા છે. અગાઉ પણ મગરોના મોત મામલે અનેક સંસ્થાઓ સામે આવી હતી. વિશ્વામિત્રીમાં ફેલાતું પ્રદૂષણ હોટલો દ્વારા નાખવામાં આવતી ગંદકી સહિતના પ્રશ્ન વિરોધ કરવામાં આવ્યો હતો તેમ છતાં પણ આજ દિન સુધી કોઈ યોગ્ય નિરાકરણ કરવામાં નહીં આવતા આજે પણ મગરો મરવાનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. તેવામાં વડોદરા શહેરના પાલિકા હસ્તકના કમાટીબાગ ખાતે કેબલ બ્રિજની નીચેથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં મગરનો મૃતદેહ જોવા મળ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર છેલ્લા બે દિવસ ઉપરાંત સમયથી કેબલ બ્રિજ નીચેથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં એક જ જગ્યાએ આ મગર સ્થિર થઈને જોવા મળ્યો છે. જેથી કરીને આ મગર મૃત્યુ પામ્યો હોવાનું જણાય આવ્યું છે. અત્રે નોંધનીય બાબત છે કે આ પહેલા પણ અનેક વખત વિશ્વામિત્રી નદીમાંથી મગરોના મૃતદેહ મળી આવ્યા છે. જે બાદ વન વિભાગ દ્વારા મૃત મગરના મૃતદેહને લઈ જઈને પોસ્ટમોર્ટમ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
DGVCL
CIN U40102GJ2003SGC042909
સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી
ઊર્જા સદનની સામે, નાના વરાછા રોડ, કાપોદ્રા, સુરત ૩૯૫ ૦૦૬
ફોન નં. ૦૨૬૧-૨૮૦૪૩૫૧ | ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩૩૦૦૩

"સરથાણા પેટા વિભાગીય કચેરીના સ્ટોરમાટે ખુલ્લી જગ્યાભાડે જોઈએ છે"

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની સુરત ગ્રામ્યવિભાગીય કચેરીના તાબા હેઠળની સરથાણાપેટા વિભાગીય કચેરી ના સ્ટોરમાટે આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ ચો.ફુટ કારપેટ એરિયાસાથે પતરાંના શેડ તથા ખુલ્લી જગ્યા મટીરિયલ સ્ટેકિંગ (પોલ તથા ડ્રમ સહિત) ના વપરાશ માટે સરથાણાપેટા વિભાગીય કચેરીની આજુબાજુના વિસ્તારમાં મુખ્ય માર્ગ (આઉટર રીંગ રોડ)ની આજુબાજુ ઓછામાં ઓછા ત્રણ વર્ષના ભાડાના કરારથીભાડેથી જોઈએ છે. રસ ધરાવનાર પાર્ટીએ દરખાસ્ત સાથે નીચે મુજબ ના જરૂરી પુરાવા મોકલી આપવાના રહેશે.
૧) સ્થળ દર્શાવતા નકશાની સક્ષમ કક્ષાએ મંજૂર કરેલ સહીસીક્કાવાળા નકશાની બે નકલ
૨) સ્ટોર માટેની જગ્યાનો જેટલો ભાગ ભાડે આપવા માંગતા હો તેનો ટોટલ કારપેટ એરિયા કેટલા ચો.ફુટ છે તે દર્શાવવું અને તે ભાગને દર્શાવતા નકશામાં આવશ્યક માર્કિંગ કરવાનું રહેશે.
3) સ્ટોરમાટેની જગ્યા નામે છે તે અંગે જગ્યાનું આકારણી પત્રક, વેરા પાવતી, દસ્તાવેજની સર્ટીફાઈડ નકલ, ભાગીદારો હોય તો "પાવર ઓફ એટર્ની" ની નકલ તેમજ જગ્યાનું ભાડું બધા ટેક્ષ, વેરા સહિત છે તેની વિગત જણાવવાની રહેશે.

નોંધ:ઉપરોક્ત દરખાસ્ત બે કવરમાં મોકલવાની રહેશે જેમાં એક કવરમાં